દાખલ તારીખઃ- ૦૯/૦૩/૨૦૨૬

રજીસ્ટર તારીખઃ-૦૯/૦૩/૨૦૨૬

ફેંસલ તારીખઃ-૧૬/૦૩/૨૦૨૬

સમયગાળોઃ- વર્ષ- માસ- દિવસ

૦૦- ૦૦ - ૦૭

**મે. ભાવનગરના અધિક સત્ર ન્યાયાધિશ (કુ. આર. એ. નાગોરી) સાહેબની કોર્ટમાં, મુ.તળાજા.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર-૪૦/૨૦૨૬**

**આંક-**

**અરજદાર/આરોપીઃ-**

(૧) ગીગાભાઇ વીજાભાઇ ભાદરકા

ઉ.આ.વ.-૪૫, ધંધો-ખેતકામ તથા પશુપાલન

રહે. બસ સ્ટેશનની પાછળ, બોડકી, તા.તળાજા, જિ. ભાવનગર.

(૨) હાડકીયા વેલાભાઇ કમાભાઇ

ઉ.આ.વ.-૪૫, ધંધો-મજુરી,

રહે. કુલસર, તા.તળાજા, જિ. ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળાઃ-**

શ્રી સરકાર

**બાબતઃ- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે અન્વયે આગોતરા જામીન મેળવવા બાબત અરજી.**

**<u>અરજદાર તરફે વિ.વ.શ્રી ઓ.જે.દવે</u>**

**<u>સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણી</u>**

**:: જજમેન્ટ ::**

**(૧)** જામીનઅરજી તથા અરજદાર તરફે રજૂ દસ્તાવેજી પુરાવા વિગેરે વંચાણે લીધા. તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું, પોલીસ પેપર્સ વિગેરે વંચાણે લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ઓ.જે.દવેને તથા સામાવાળા તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણીને સાંભળ્યા.

**(૨)** હાલના અરજદાર/આરોપીઓ તરફે દાઠા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૧૪૨૬૦૦૨૬/૨૦૨૬ (તા.૦૫/૦૨/૨૦૨૬) ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણાં ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ-૪૦, ૪૨(એ) મુજબનાં ગુન્હાના કામે ત.ક.અમલદારનાઓ અરજદારોની ખોટી રીતે ધરપકડ કરે તેવી પૂરેપૂરી પાકી અને વાજબી દહેશત હોઇ, જો અરજદારોની ધરપકડ કરવાનો અવસર ઉપસ્થિત થાય તો ત.ક.અ.શ્રી અરજદારોને યોગ્ય રકમના જામીન લઇ જામીન પર મુકત કરે તેવો હુકમ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમામ અરજીમાં લેખિત સ્વરૂપે ઉપલબ્ધ હોઇ તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોય, તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તે તમામ કારણો વંચાણે લઇ ધ્યાને લીધેલ છે.

**(૩)** અરજદાર/આરોપીઓ સામેનાં મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, ફરિયાદ કર્યાના દસેક માસ પહેલા ફરિયાદીને રૂપિયાની જરૂરિયાત હોઇ, ફરિયાદીએ તે અંગે અરજદાર નં.૨ વેલાભાઇ કમાભાઇ ને કહેતા, અરજદાર નં.૨નાએ અરજદાર નં.૧ ગીગાભાઇ વીજાભાઇ પાસેથી ફરિયાદીને રૂપિયા અપાવેલ તે રૂપિયા ફરિયાદીએ તેમને આપેલ ન હોઇ, ગઇ તા.૧૭/૦૧/૨૦૨૬ના કલાક ૧૫/૩૦ વાગ્યાના અરસામાં અરજદારોએ ઉંચડી ગામથી વાવડી ગામના પાટીયા વચ્ચે આવેલ પેટ્રોલપંપથી ૨૦૦ મીટર આગળ રસ્તામાં મોટરસાઇકલ લઇ આવી, ફરિયાદીને રોકી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ફરિયાદીનું ટ્રેકટર નં.જી.જે.૦૪ ઇ.જે. ૦૩૫૨નું બળજબરીથી લઇ જઇ, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, અરજદારો સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.

**(૪)** અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રી ઓ.જે.દવેએ દલીલ કરતાં જણાવેલ છે કે અરજદાર/આરોપીઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. તપાસ કરનાર અધિકારીની એફીડેવીટ મુજબ, ફરિયાદીના કહેવાથી તેઓનો માણસ ફરિયાદીનું ટ્રેકટર અરજદાર નં.૧ના ઘરે મુકી ગયેલ છે. ખરી હકીકતે, અરજદાર નં.૨ નાએ ફરિયાદીને અરજદાર નં.૧ ગીગાભાઇ વીજાભાઇ પાસેથી રૂપિયા અપાવેલ તે રૂપિયા ફરિયાદીએ પરત આપવા ન પડે તે માટે ફરિયાદીએ હાલનો બનાવ ઉપજાવી કાઢી અરજદારો વિરુધ્ધ હાલની ખોટી ફરિયાદ આપેલ છે. સદર કામે ૧૮ દિવસના વિલંબ બાદ હાલની ફરિયાદ આપવામાં આવેલ છે, જે વિલંબ અંગે ફરિયાદના કામે કોઇ સબળ ખુલાસો કરવામાં આવેલ નથી. અરજદારો વિરુધ્ધ ફરિયાદ મુજબનો કોઇ ગુનો બનતો નથી. હાલ ફરિયાદવાળું ટ્રેકટર નામદાર અદાલતના હુકમથી ફરિયાદીને મળી ગયેલ છે અને તેનો કબજો ફરિયાદી પાસે છે. અરજદારો સમાજમાં માનમોભો અને પ્રતિષ્ઠા ધરાવે છે. જો, પોલીસ સદર ગુનાના કામે અરજદારોની ખોટી રીતે અટકાયત કરે તો અરજદારોની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. અરજદારો અરજીમાં જણાવેલ સરનામે રહે છે. અરજદારો નાસી ભાગી જાય તેમ નથી. અરજદારો પોલીસ તપાસમાં સહકાર આપવા તૈયાર છે તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઇ અરજદારોને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલી છે.

**(૪.૧)** ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી આર.એચ.ખલ્યાણીએ અરજીનો વિરોધ કરી મહદ્ અંશે તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ સોગંદનામાની વિગતો રીફર કરી રજૂઆત કરેલ છે કે અરજદારોએ ફરિયાદીને ધાકધમકી આપી ગુનામાં સક્રિય ભાગ ભજવેલ છે. સદર કામે હાલ પોલીસ તપાસ ચાલુ હોઇ, અરજદાર/આરોપીઓને આગોતરા જામીન પર મુકત કરવાથી અરજદારો ફરિયાદી/સાહેદોને ધાકધમકી આપે તેવી તેમજ પોલીસ તપાસમાં સહકાર ન આપે તેવી શકયતા રહેલ છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઇ અરજદારોની હાલની જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

**(૫)** પક્ષકારોની રજૂઆત તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઇપણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવો કે કેમ તે બાબત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુધ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાના કામે રજૂ આગોતરા જામીન અરજી નિર્ણિત કરતી વખતે આક્ષેપિત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઇ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, ગુનાના

કામે અરજદાર/આરોપીની ભૂમિકા, અરજદાર/આરાપીનો પૂર્વ ઇતિહાસ, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના, અરજદાર/આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાથી પોલીસ તપાસને થનાર અસર, સમાજ પર ગુનાની અસર વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે. સદર કામે ફરિયાદની હકીકત મુજબ, ફરિયાદ કર્યાના દસેક માસ પહેલા ફરિયાદીને રૂપિયાની જરૂરિયાત હોઇ, ફરિયાદીએ તે અંગે અરજદાર નં.૨ વેલાભાઇ કમાભાઇ ને કહેતા, અરજદાર નં.૨નાએ અરજદાર નં.૧ ગીગાભાઇ વીજાભાઇ પાસેથી ફરિયાદીને રૂપિયા અપાવેલ તે રૂપિયા ફરિયાદીએ તેમને આપેલ ન હોઇ, ગઇ તા.૧૭/૦૧/૨૦૨૬ના કલાક ૧૫/૩૦ વાગ્યાના અરસામાં અરજદારોએ ઉંચડી ગામથી વાવડી ગામના પાટીયા વચ્ચે આવેલ પેટ્રોલપંપથી ૨૦૦ મીટર આગળ રસ્તામાં મોટરસાઇકલ લઇ આવી, ફરિયાદીને રોકી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, ફરિયાદીનું ટ્રેકટર નં.જી.જે.૦૪ ઇ.જે. ૦૩૫૨નું બળજબરીથી લઇ જઇ, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, અરજદારો સદર ગુન્હામાં સંડોવાયેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે. આમ, ફરિયાદની હકીકત લક્ષમાં લેતાં, અરજદારો વિરુધ્ધ ફરિયાદ મુજબનો પ્રથમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાઇ આવે છે. જો કે, સદર કામે ફરિયાદ મુજબ ગુનો જે રીતે થયેલ તેની હકીકતને તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું સમગ્રપણે લક્ષમાં લેતાં, અરજદારોને પોલીસ તપાસના કામે કસ્ટડીમાં રાખવા અનિવાર્ય હોય તેવા કોઇ સંજોગો રેકર્ડ પરથી જણાઇ આવતાં નથી. વળી, અરજદારો તરફે થયેલ રજૂઆત મુજબ, તેઓ પોલીસ તપાસમાં સહકાર આપવા રાજી-ખુશી અને તૈયાર છે તે સંજોગોમાં જો અરજદારોને શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો પોલીસ તપાસને કોઇ વિપરીત અસર થવાની સંભાવના જણાતી નથી. જેથી, સદર તમામ હકીકતોને ફરિયાદની હકીકત સાથે સમગ્રપણે લક્ષમાં લેતાં, નામદાર સર્વોચ્ચ અદાલતે તથા નામદાર ગુજરાત હાઇકોર્ટે તેમનાં વિવિધ ચુકાદામાં આગોતરા જામીન સંબંધિત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદારોની તરફેણમાં અદાલતની ન્યાયિક વિવેકબુધ્ધિનો ઉપયોગ શરતોને આધીન કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે તેવું રેકર્ડ પરનાં સંજોગો પરથી સ્પષ્ટ થતું હોઇ, જામીન અરજી લગત ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## — :: હુકમ :: -

અરજદારોની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે. અરજદાર/આરોપીઓ (૧) ગીગાભાઇ વીજાભાઇ ભાદરકા તથા (૨) હાડકીયા વેલાભાઇ કમાભાઇનાઓની દાઠા પો.સ્ટે. એફ.આઇ.આર. નં. ૧૧૧૯૮૦૧૪૨૬૦૦૨૬/૨૦૨૬ (તા.૦૫/૦૨/૨૦૨૬) ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણાં ધીરધાર કરનાર બાબત અધિનિયમની કલમ-૪૦, ૪૨(એ) મુજબનાં ગુન્હા અંગેની ફરિયાદના કામે જો આ ગુન્હાના ત.ક.અમલદાર દ્વારા ધરપકડ કરવામાં આવે તેવા પ્રસંગે દરેક અરજદાર જો રૂા. ૨૦,૦૦૦/-(અંકે રૂપિયા વીસ હજાર પુરા-)ના સધ્ધર જામીન

સહિતનાં જાતમુચરકા રજૂ કરે તો અરજદારોને નીચેની શરતોએ આગોતરા જામીન પર મુકત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) અરજદારોએ તા.૧૭/૦૩/૨૦૨૬નાં રોજ તેમજ ત્યારબાદ તેઓ વિરુધ્ધ ચાર્જશીટ રજૂ થતાં સુધી દર માસની પહેલી તારીખે સંબંધિત પોલીસ સ્ટેશનમાં પોતાની હાજરી અચૂકપણે પુરાવવી.

(૨) અરજદારોએ પોલીસ તપાસમાં સહકાર આપવો.

(૩) અરજદારોએ ફરિયાદપક્ષના કેસને નુકસાન થાય તેવું કૃત્ય કરવું/કરાવવું નહી.

(૪) અરજદારોએ તેમનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે ત.ક.અમલદારશ્રીને રજૂ કરવું તથા તેમાં ફેરફાર થયેથી તપાસ કરનાર અમલદારને તેની જાણ દિન-૭માં કરવી.

(૫) અરજદાર/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન-૭માં સંબંધિત ટ્રાયલ અદાલતમાં જમા કરાવવો અને જો અરજદારો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તેવી હકીકત સોગંદનામાથી જાહેર કરવી.

(૬) અરજદાર/આરોપીઓએ ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

સદર હુકમની યાદી સંબંધિત અદાલતને તથા પોલીસ સ્ટેશનને લેખિતમાં મોકલવી.

આ હુકમ આજ રોજ તારીખ-૧૬ મી, માહે-માર્ચ, સને-૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.-૧૬/૦૩/૨૦૨૬
તળાજા.

(આર. એ.નાગોરી)
એડીશનલ સેશન્સ જજ,
ભાવનગર, મુ.તળાજા.
**(જીજે૦૦૫૭૮)**